# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18.09.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************

1) હિન્દુસ્તાન એરોનોટિક્સ આજે ભારતીય વાયુસેનાને હળવા લડાકુ વિમાન, તેજસ અને HTT40 ટ્રેનર એરક્રાફ્ટ સોંપશે.

2) સેના પ્રમુખ જનરલ ધીરજ સેઠે રશિયાની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે.

3) નેપાળમાં આવેલા વિનાશક પૂરમાં મૃત્યુઆંક વધીને ૧,૪૧૦ થયો - જ્યારે ૬,૧૪૫ લોકો ગુમ.

4) ચુંટણી પંચે ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસના બે હરીફ જૂથોને પાર્ટીના નામ કે પ્રતીકના ઉપયોગની મનાઈ ફરમાવી.

5) અમેરિકાએ ન્યૂયોર્કમાં યોજાનારી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની ઉચ્ચ સ્તરીય બેઠક માટે ઈરાનના રાષ્ટ્રપતિ સહિત અધિકારીઓના વિઝા મંજૂર કર્યા.

6) અશિયન ગેમ્સ 2026માં આજે ભારતીય મહિલા ક્રિકેટ ટીમ યજમાન જાપાન સામે રમશે.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# HAL

હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ આજે બેંગલુરુમાં ભારતીય વાયુસેનાને લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ, તેજસ ફાઇનલ ઓપરેશનલ ક્લિયરન્સ ટ્વીન સીટર ટ્રેનર્સ અને HTT 40 બેઝિક ટ્રેનર એરક્રાફ્ટ સોંપશે. તે જાહેર ક્ષેત્રની કંપની પવન હંસ લિમિટેડને ધ્રુવ નેક્સ્ટ જનરેશન હેલિકોપ્ટર પણ સોંપશે.

આ સમારોહમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુ હાજરી આપશે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ પ્લેટફોર્મનો સમાવેશ સ્વદેશી ક્ષમતાઓને મજબૂત કરવા અને વિદેશી સ્રોતો પર નિર્ભરતા ઘટાડવા તરફનું મહત્વપૂર્ણ પગલું છે.

# ARMY HEAD-RUSSIA

સેના પ્રમુખ જનરલ ધીરજ સેઠે રશિયાની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાત દરમિયાન રશિયન ભૂમિ દળોના મુખ્યાલયની મુલાકાત લીધી હતી.

સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, પ્રમુખ મોસ્કોમાં રાષ્ટ્રીય સંરક્ષણ નિયંત્રણ કેન્દ્રની મુલાકાત લેશે અને રશિયન સંરક્ષણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સાથે વાતચીત કરશે.

આ વાતચીત લશ્કરી સહયોગને વધુ ગાઢ બનાવવા અને તાલીમ સંબંધોને વિકસાવવા અને બંને સૈન્ય વચ્ચે ક્ષમતા વિકાસને મજબૂત બનાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરાશે.

જનરલ ધીરજ સેઠેને ઔપચારિક ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું. બાદમાં, તેમણે મોસ્કોમાં સૈનિક સ્મારક પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# PM MODI

સપ્લાય ચેઇનના શસ્ત્રીકરણ વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતને વૈશ્વિક સ્તરે વિશ્વસનીય સેમિકન્ડક્ટર ઉત્પાદન કેન્દ્ર તરીકે સ્થાન આપ્યું છે.

તેમણે કહ્યું કે, વિશ્વ નવા અને વિશ્વસનીય ઉત્પાદન સ્થળો શોધી રહ્યું છે અને દેશ આ જરૂરિયાતને પહોંચી વળવા માટે સતત પોતાને તૈયાર કરી રહ્યો છે. શ્રી મોદીએ ભાર મૂક્યો કે મહત્વપૂર્ણ ઉદ્યોગોમાં નવી તકોનું સર્જન કરાશે.

## બાઇટ –સપ્લાય ચેન PM

*"भारत हर वो कदम उठा रहा है जो हमें सेमीकंडक्टर इंडस्ट्री का एक प्रेफर्ड डेस्टिनेशन बनाए। भारत मदर ऑफ डेमोक्रेसी है। ऐसा देश जब एक क्रिटिकल इंडस्ट्री में सफल होता है तो इससे पूरी दुनिया की सप्लाई चेन को ताकत मिलती है और आज जब सप्लाई चेन वेपनाइज हो रही है तब तो इसकी महत्ता बहुत बढ़ जाती है। भारत में हो रहे इस डेवलपमेंट को हमें इस बड़े नजरिए से भी देखना है। भारत की एस्पिरेशंस आपके सामने हैं और भारत में बन रहे नए अवसर आपका स्वागत करने के लिए तैयार हैं।"*

ગઈકાલે નવી દિલ્હીમાં યશોભૂમિ ખાતે સેમિકોન ઇન્ડિયાના પાંચમા સંસ્કરણનું ઉદ્ઘાટન કરતી વખતે પ્રધાનમંત્રીએ આ વાત કહી હતી.

# SEVA SUSHASAN - MYGOV

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જનસેવા દ્વારા દેશ સેવાના મંત્ર અને નિરંતર પ્રતિબદ્ધતાથી જાહેર સેવાના 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે, જે આજે પણ ચાલુ છે. આ પ્રસંગે અમે 'સેવા સંકલ્પ અભિયાન'ની વિશેષ શ્રેણી પ્રસારિત કરી રહ્યા છીએ. આ કડીમાં આજે અમે તમને માહિતી આપી રહ્યા છીએ કે શા માટે માય ગવર્મેન્ટ (MyGov) પ્લેટફોર્મ અમલમાં મૂકવામાં આવ્યો છે.

## CAPSULE – RITA DAVE

*(પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જ્યારે 2014માં કાર્યભાર સંભાળ્યો, ત્યારે તેમના શાસનના દ્રષ્ટિકોણમાંથી એક મહત્વપૂર્ણ વિચાર સામે આવ્યો હતો – સરકાર અને નાગરિકો વચ્ચે સીધો અને સતત સંપર્ક સ્થાપિત કરવો. આ વિચારના પરિણામે જુલાઈ 2014માં ભારતના નાગરિક સંલગ્નતા પ્લેટફોર્મ 'MyGov' નો પ્રારંભ થયો. આ પ્લેટફોર્મ સુશાસન અને નીતિ-નિર્માણમાં લોકોની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે એક મહત્વપૂર્ણ માધ્યમ તરીકે ઉભરી આવ્યું છે. જાન્યુઆરી 2024માં નવી દિલ્હી ખાતે એનસીસી કેડેટ્સ રેલીને સંબોધિત કરતી વખતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેડેટ્સને 'MyGov' ની મુલાકાત લઈને 'વિકસિત ભારત' માટે તેમના સૂચનો આપવા વિનંતી કરી હતી, કારણ કે તેઓ 'વિકસિત ભારત'ના શિલ્પી છે.)*

## BYTE- NARENDRA MODI

*(જુલાઈ 2026 સુધીમાં, લગભગ 6.5 કરોડ નાગરિકો MyGov પ્લેટફોર્મ પર નોંધણી કરાવી ચૂક્યા હતા. આ પ્લેટફોર્મ સહભાગી શાસનના વ્યાપક દ્રષ્ટિકોણને દર્શાવે છે, જ્યાં નાગરિકો વિકાસ પ્રક્રિયામાં સક્રિય ભાગીદાર બને છે અને રાષ્ટ્ર નિર્માણમાં પોતાના વિચારો અને સૂચનોનું યોગદાન આપે છે. રીટા દવે આકાશવાણી સમાચાર અમદાવાદ.)*

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# ENERGY SECURITY

ભારતે કહ્યું કે, તે તેના આર્થિક હિતોનું રક્ષણ કરવા અને ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં લેશે.

## બાઇટ –પ્રશાંત

*"વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારત ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે દ્રઢ સંકલ્પિત છે અને સરકાર વિભિન્ન સ્રોતોના માધ્યમથી બદલાતા વૈશ્વિક પરિદ્રશ્યો વચ્ચે ઉર્જા સુનિશ્ચિતતા જાળવી રાખશે. આ નિવેદન અમેરિકાની પ્રતિનિધિ સભા દ્વારા એક વિધેયક પસાર કરવામાં આવ્યા વચ્ચે આવ્યું છે. જેમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ભારત અને ચીન જેવા દેશો પર રશિયાથી કાચું તેલ ખરીદવા પર ૧૦૦ પ્રતિશત સુધી શુલ્ક લગાવવાની મંજૂરી આપવામાં આવી છે. સમાચાર કક્ષથી પ્રશાંત કુમાર."*

વિદેશ મંત્રાલયે કહ્યું કે, દેશ તેના 140 કરોડ લોકો માટે ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે દ્રઢપણે પ્રતિબદ્ધ છે અને વૈવિધ્યસભર સોર્સિંગ દ્વારા અને વિકસતા બજાર ગતિશીલતાના આધારે કામ કરવાનું ચાલુ રાખશે.

# NEPAL

નેપાળમાં આવેલા વિનાશક પૂરમાં મૃત્યુઆંક વધીને ૧,૪૧૦ થઈ ગયો છે, જ્યારે ૬,૧૪૫ લોકો ગુમ છે. અસરગ્રસ્ત જિલ્લાઓમાં બચાવ અને રાહત કામગીરી પૂર જોશમાં ચાલુ છે.

નેપાળના રાષ્ટ્રીય આપત્તિ સત્તામંડળ અનુસાર, ચિતવાનમાં સૌથી વધુ મૃત્યુ નોંધાયા છે. આ દુર્ઘટનાથી હજારો લોકો વિસ્થાપિત થયા છે, જેમાં અત્યાર સુધીમાં ૧૩,૭૫૬ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

તાજેતરના આંકડા દર્શાવે છે કે મૃતકોની ઓળખ કરવા અને ગુમ થયેલા લોકોને શોધવા માટે ૧,૨૮૬ ડીએનએ DNA નમૂના લેવામાં આવ્યા છે.

દરમિયાન, ૨૭ સેન્ટરોમાં વિસ્થાપિત લોકોને આશ્રય આપી રહ્યા છે, જેમાં નુવાકોટમાં ૮૩૨, રાસુવામાં ૮૧૭ અને ધાડિંગમાં ૯૪ લોકોનો સમાવેશ થાય છે.

# EC

ભારતના ચૂંટણી પંચે, ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસના બે હરીફ જૂથોને પશ્ચિમ બંગાળમાં આગામી વિધાનસભા પેટાચૂંટણી દરમિયાન પાર્ટીના નામ અને ફૂલો અને ઘાસના પ્રતીકનો ઉપયોગની મનાઈ ફરમાવી છે.

તેના વચગાળાના આદેશમાં, પંચે તેમને આજે સવારે 11 વાગ્યા સુધીમાં તેમના જૂથોના નામ રજૂ કરવા જણાવ્યું છે, જેના દ્વારા તેઓને કમિશન દ્વારા માન્યતા મળી શકે. મમતા બેનર્જી અને અરૂપ રોયની આગેવાની હેઠળના પક્ષના બે જૂથોના નેતાઓને સાંભળ્યા પછી પંચે પોતાનો વચગાળાનો આદેશ આપ્યો.

# NTA

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ જૂન 2026 માં અંગ્રેજી, વાણિજ્ય અને સમાજશાસ્ત્ર - ત્રણ વિષયોમાં લેવામાં આવેલી UGC-NET પરીક્ષા માટે અંતિમ આન્સર કી બહાર પાડી છે. આ કી સત્તાવાર વેબસાઇટ https://ugcnet.nta.nic.in/ પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ પરીક્ષા આ મહિનાની 9 અને 10 તારીખે દેશના 272 શહેરોમાં 454 કેન્દ્રો પર યોજાઈ હતી.

# PASSPORT

વિદેશ મંત્રાલયે પાસપોર્ટ નિયમો, ૧૯૮૦માં સુધારો કરીને પાસપોર્ટ (સુધારા) નિયમો, ૨૦૨૬ને સૂચિત કર્યું છે. આ સુધારામાં એવી જોગવાઈ છે કે, ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકને જારી કરાયેલ ૩૬ પાનાનો સામાન્ય પાસપોર્ટ પાંચ વર્ષ અથવા તેઓ ૧૮ વર્ષના થાય ત્યાં સુધી, જે પણ વહેલું હોય ત્યાં સુધી માન્ય રહેશે.

# AMERICA-IRAN-VISA

અમેરિકાએ આવતા અઠવાડિયે ન્યૂયોર્કમાં યોજાનારી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની ઉચ્ચ સ્તરીય બેઠકમાં હાજરી આપવા માટે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન અને વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી સહિત વરિષ્ઠ ઈરાની અધિકારીઓને વિઝા આપ્યા છે.

અમેરિકાના વિદેશ વિભાગના જણાવ્યા અનુસાર, ઈરાનના મુખ્ય પ્રતિનિધિમંડળ અને જરૂરી કર્મચારીઓને પણ વિઝા આપવામાં આવ્યા છે. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે છ મહિનાથી વધુ સમયથી સંઘર્ષ ચાલી રહ્યો છે.

પરમાણુ કાર્યક્રમ અને હોર્મુઝ સામુદ્રધુની અંગે બંને દેશો વચ્ચે વાટાઘાટો પણ આગળ વધી નથી. આ નિર્ણયના એક દિવસ પહેલા, અમેરિકાએ પેલેસ્ટિનિયન રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસ અને તેમના પ્રતિનિધિમંડળને વિઝા આપવાનો ઇનકાર કર્યો હતો.

# ASIAN GAMES 2026

એશિયન ગેમ્સ 2026માં આજે હરમનપ્રીત કૌરની આગેવાનીમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમ, આઈચીમાં યજમાન જાપાન સામે ક્વાર્ટર ફાઇનલમાં રમશે. ભારતીય સમય મુજબ સવારે 10:30 વાગ્યે શરૂ થશે.

આ મેચ ભારતીય અને જાપાની મહિલા ક્રિકેટ ટીમો વચ્ચેનો પ્રથમ મુકાબલો પણ હશે. એશિયન ગેમ્સમાં જય મીના, અનિકેત પટેલ, યોગેશ ચૌધરી, આર્યન ઠાકુર અને ઓમ યાદવની પુરુષોની સોફ્ટ ટેનિસ ટીમ તેના પ્રારંભિક ગ્રુપ C અભિયાનની શરૂઆત કરશે.

ટેકબોલમાં, ક્વિમ્સી જોઆકિમ ડિસોઝા તેના મહિલા સિંગલ્સ અભિયાનની શરૂઆત કરશે. મિક્સ ડબલ્સની ક્વાર્ટર-ફાઇનલ રિપેચેજ યોજાશે, જેમાં ભારતની ભાગીદારી ક્વોલિફિકેશનને આધીન રહેશે.

# CRICKET

પુરુષ ક્રિકેટમાં, ભારતે અફઘાનિસ્તાન સામે ત્રણ મેચની T-20 આંતરરાષ્ટ્રીય શ્રેણી 3-0થી જીતી. ગઈકાલે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાયેલી ત્રીજી અને અંતિમ મેચમાં ભારતે અફઘાનિસ્તાનને 127 રનથી હરાવ્યું.

પ્રથમ બેટિંગ કરતા, ભારતે નિર્ધારિત 20 ઓવરમાં સાત વિકેટ ગુમાવી 221 રન બનાવ્યા. જેમાં અભિષેક શર્માએ 34 બોલમાં 108 રન, જ્યારે સંજુ સેમસને 50 રન બનાવ્યા.

જવાબમાં, અફઘાનિસ્તાન 14 ઓવર અને એક બોલમાં 94 રનમાં ઓલઆઉટ થયું. ભારત તરફથી નીતિશ કુમાર રેડ્ડી અને રવિ બિશ્નોઈએ ત્રણ-ત્રણ વિકેટ ઝડપી.

ભારત તરફથી અભિષેક શર્માને પ્લેયર ઓફ ધ મેચ અને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવ્યા. T20 ક્રિકેટમાં 100 કે તેથી વધુ રનના માર્જિનથી ભારતની આ દસમી જીત છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબારોમાં મુખ્યત્વે રશિયન ક્રૂડની ખરીદી માટે ભારત પર **100** ટકા ટેરિફના સમાચાર છપાયા છે.
- સંદેશ**,** ગુજરાત સમાચાર અને ફૂલછાબ લખે છે કે**,** રશિયન ક્રૂડની ખરીદી: ભારત પર **100** ટકા ટેરિફ લાદશે. ટ્રમ્પને ટેરિફનો પાવર મળ્યો**,** બિલ પાસ કરાયું.
- દિવ્ય ભાસ્કર લખે છે કે**, UPI** ફી પર અલગથી **GST** નહીં લાગે**,** કેશ લેવડ-દેવડ નહીં વધે: સરકાર.
- અને નવગુજરાત સમય લખે છે કે**,** દેશભરમાં રકતદાન**,** મહાઆરતી**,** સેવા સંકલ્પ અભિયાન**,** દીપોત્સવ સાથે **PM** મોદીનો જન્મદિન ઉજવાયો.